સુવિચાર : સદ્‌ભાવથી ચઢેરો સુચારું બને છે, અને ઇર્ષ્યા વેરઝેરથી ચઢેરો કદરૂપો બને છે - ધર્મસૂત્ર

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૬૦ | ૨૦ ઓગસ્ટ, ૨૦૧૫, ગુરૂવાર ; શ્રાવણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ફટાફટ ન્યુઝ

- ઉપહાર અગ્નિકાંડ મામલે અંસલ બંધુને ૬૦ કરોડનો જંગી દંડ
- દહેજ કેસ : રાધે માંની ફરી કડક પૂછપરછ હાથ ધરાઈ
- બેટા લોન્ચ પહેલાં આરજીઓ ફોર-જી હેન્ડસેટ લોંચ કરી દેશે
- એરપોર્ટ ખાનગીકરણ માટેની યોજના અંતે પડતી મુકી દેવાઈ
- મહિલાઓની સામે અપરાધ સંદર્ભે ઉત્તરપ્રદેશ પ્રથમ ક્રમે
- કેટલાક ખેલાડીઓ શંકાસ્પદ પ્રવૃતિમાં સામેલ હતા : પ્રિતી
- થાઈલેન્ડ બ્લાસ્ટ કેસમાં શકમંદનો સ્કેચ જારી કરી ઈનામ જાહેર
- પાકનું ઉશ્કેરણીજનક કૃત્ય : હવે વાટાઘાટો ઉપર સંકટના વાદળો
- હવે પાકિસ્તાની હિલચાલનો યોગ્ય જવાબ આપવા સંકેત

પાટીદાર અનામત આંદોલનની આંધી

રાજ્યભરમાં માત્ર એક જ દિવસમાં ૪૨થી વધુ પાટીદારોની પાણીદાર રેલીઓ

મહારેલીની મુંઝવણમાં રાજ્ય સરકાર : સમાધાન શોધવા ઠેરઠેર આરંભાયા પ્રયાસો

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યભરમાં પાટીદાર અનામત આંદોલન આંધીની જેમ પ્રસર્યું છે. ઉત્તર ગુજરાતના મોડાસા, પાટણ, ધનસુરા, વડાલી, ધોળકા, બાવળા સહિત દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક નગરોમાં અનામતની માંગ સાથે પાટીદારો રોડ ઉપર ઉતરી આવ્યા હતા. દિન-પ્રતિદિન આંદોલન ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. સભાઓ-રેલીઓ બાદ હવે ઉપવાસ આંદોલન પણ ચાલે છે. આવનારા દિવસોમાં આ આંદોલન રાજ્યના જાહેર જીવનને ખળભળાવી મુકશે એવી ભીતી સેવાઈ રહી છે. આંદોલનનો વેગ અને વ્યાપ અનુભવતા રાજ્ય સરકાર પણ ભારે ચિંતામાં મુકાઈ છે. ભારતીય જનતા પાર્ટીનું માળખુ પણ આકુળવ્યાકુળ બન્યું હોય એવું લાગે છે. આંદોલને શાંત કરવાના ઉપાયો વ્યાપક સ્વરૂપે વિચારાઈ રહ્યા છે પરંતુ કોઈ નક્કર ભૂમિકા ન સર્જાતા આંદોલન ધારદાર બનતુ જાય છે. સમાજના અન્ય જ્ઞાતિ-સમુહો પણ અનામતના મામલે આંદોલન આરંભી રહ્યા છે.

અમદાવાદની મહારેલી રાજ્ય સરકાર માટે ભારે ચિંતાનો વિષય બન્યો છે. પોલીસતંત્ર ભારે મુંઝણવ અનુભવે છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા સમગ્ર સરકાર ગંભીરતાથી વિવિધ સ્તરે વિચારણા કરી રહી છે. રાજકીય લાભાલાભના મામલે પણ વર્તમાન સરકાર નુકશાની તરફ ઘસડાય છે ત્યારે આંદોલનની પાછળ કોણ કેવી ભુમિકા ભજવે છે અને ચર્ચા રાજકીય ચાણક્યો ખાનગીમાં અને જાહેરમાં કરે છે. પાટીદાર અનામત આંદોલન વધુ તીવ્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આજે રાજ્યના વિવિધ ભાગોમાં રેલીઓ યોજી શક્તિ પ્રદર્શન કર્યું હતું અને સરકાર ઉપર દબાણ વધાર્યું હતું. અનામત આંદોલન સરકાર માટે દિનપ્રતિદિન સમસ્યા વધારી રહ્યું છે.

રિવરફ્રન્ટ પર જ રેલી યોજવા પાટીદાર સમુદાય મક્કમ

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૨૫મીએ યોજાનારી પાટીદારોની ક્રાંતિ રેલીને રોકવાની ભારે કવાયત છતાં રાજ્ય સરકાર ઉંધા માથે પટકાઈ છે. પાટીદાર સમાજના પ્રતિનિધિઓ સાથે બેઠકોનો દોર નિષ્ફળ રહેતા અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર બાદ હવે પોલીસ કમિશનરે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ રેલીને રિવરફ્રન્ટ ખાતે યોજવાની મંજુરી આપી નથી અને રિવરફ્રન્ટના બદલે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે રેલી યોજવાનું સૂચન કર્યું છે.પોલીસ કમિશનરના આ નિર્ણયના વિરોધમાં પાટીદાર સમાજના પ્રતિનિધિઓ તાબડતોડ અનશન પર ઉતરી ગયા છે. આજે રિવરફ્રન્ટ ઉપર કોઈપણ ભોગે રેલી યોજાશે તેવો હૂંકાર કર્યો છે.

રિવરફ્રન્ટના બદલે જીએમડીસી ગ્રાઉન્ડ પર રેલી યોજવા સરકારનું સુચન

દરમિયાન ગૃહરાજ્યમંત્રી રજની પટેલે ૨૫મી રેલીને પોલીસ દ્વારા મંજુરી નહીં આપવા માટે વાજબી કારણો રજૂ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, રિવરફ્રન્ટ પહોળાઈમાં નાનો છે અને જ્યારે લાખોની સંખ્યામાં લોકો રેલીમાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, સલામતીનો પ્રશ્ન અને ખાસ કરીને હજારો વાહનોના પાર્કિંગના મુદે વિકટ સમસ્યા સર્જાઈ શકે તેમ છે. જેના લીધે પોલીસે તેમને જીએમડીસી ગ્રાઉન્ડ પર રેલી યોજવાનું સૂચન કર્યું છે.

આગામી સપ્તાહમાં મંત્રીમંડળની પેટા સમિતિ તેનો અહેવાલ આપશે

(તસવીર : દિપક જાની)

રજુઆતો સાંભળવાની કામગીરી ચાલુ છે : સમિતિ

સર્વગ્રાહી અહેવાલ આપવા કટિબદ્ધ છે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય મંત્રીમંડળની સમિતિ દ્વારા આગામી સપ્તાહમાં પોતાનો અહેવાલ રાજ્ય સરકારને આપી દેશે તેવા નિર્દેશો આજે સમિતિના અધ્યક્ષ અને રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી નીતિન પટેલે આપ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે સમિતિ દ્વારા રજુઆતો સાંભળવાની તેમજ બંધારણીય મર્યાદાઓ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અને માર્ગદર્શક સૂચનાઓનો અભ્યાસ ચાલી રહ્યો છે જેથી સમિતિ સર્વગ્રાહી અહેવાલ તૈયાર કરી આપશે.

શ્રી પટેલે જણાવ્યું હતુ કે બે તબક્કામાં સમિતિએ આંદોલનકારીઓ સાથે વાતચીત કરી છે. તેમણે કહ્યું હતું કે આંદોલનકારીઓની રજુઆતો પછી અમે કેટલાક મહત્વના પેકેજો પણ અહેવાલમાં સમાવીશુ.

રાજ્યમાં પાટીદાર સમાજ દ્વારા અનામતની માંગ સાથે શરૂ કરેલ આંદોલનને ઠારવા માટે રાજ્ય સરકારે પાટીદાર સમાજ સહીત વિવિધ સમાજના આગેવાનોની

● અનુસંધાન પાન-૭ પર

રાજ્ય ચૂંટણી પંચ ૨૧મીએ કલેક્ટર કચેરીમાં વાંધા સાંભળશે

ગાંધીનગર, તા. ૧૯

૨૧મી ઓગસ્ટના રોજ રાજ્યનું ચૂંટણી પંચ પંચાયતોની ચૂંટણીના સીમાંકન બાબતે રજુઆતો સાંભળવા ગાંધીનગર આવી રહ્યું છે.

ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે સાંજે ચાર વાગ્યાથી આ રજુઆતો સાંભળવામાં આવશે. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ચાર જિલ્લાની રજુઆતો સાંભળવામાં આવનાર છે. જેમાં ગાંધીનગર ઉપરાંત ખેડા, સાબરકાંઠા અને અરવલ્લીનો સમાવેશ થાય છે.

પંચાયતોની ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચે સીમાંકનને લઈ પ્રથમ પ્રાથમિક આદેશો જારી કર્યા હતા. આ પછી રોટેશનના નિયમોમાં ફેરફાર થતાં સુધારાત્મક આદેશો પણ જારી કરવામાં આવ્યા છે. હવે પંચ આ બન્ને આદેશો પર મળેલા વાંધા સુચનો સાંભળી અને આખરી આદેશો જારી કરશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લા પંચાયતની ચૂંટણી માટેના સીમાંકન અંગે અગાઉ ૮ જેટલા વાંધા-સૂચનો ૧૨ બેઠકો માટે મળ્યા હતા. આ પછી જારી કરાયેલા સુધારાત્મક આદેશો બાદ પાંચ જેટલા વાંધાઓ મળ્યા છે. આમ ૨૧મીએ આ ૧૩ વાંધાઓ પર પંચ રજુઆતો સાંભળશે.

મળતી વિગતો મુજબ રાજકીય પક્ષોના આગેવાનો સાથે પણ પંચ અલગથી બેઠક કરશે અને તેમની

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં ૨૭મીએ પ્રદેશ કોંગ્રેસ દ્વારા ધરણા

ગાંધીનગર, તા. ૧૯

વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ ૨૭ ઓગષ્ટના રોજ પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગાંધીનગરમાં સરકારની નિષ્ફળતાઓને ઉજાગર કરતા ધરણાનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે.

૨૭મી ઓગષ્ટે યોજાનાર આ ધરણાના કાર્યક્રમને લઈ કોંગ્રેસ સમિતિની જાહેરાતના પગલે જિલ્લા અને શહેર કોંગ્રેસ એકમ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને આજે બપોરે આ માટે કાર્યાલય ખાતે કાર્યકરોની બેઠક પણ યોજવામાં આવી છે.

રાજ્યમાં ભાજપ સરકારના સાશનમાં કાયદો-વ્યવસ્થા, શિક્ષણ, આરોગ્ય, ખેડૂતો માટેના પ્રશ્નો સહીત અનેક બાબતોમાં નિષ્ફળ સરકાર છે. ત્યારે રાજ્યના

સરકારની નિષ્ફળતાને ઉજાગર કરવા માટે આ ધરણા બાદ રાજ્યપાલને આવેદન-પત્ર અપાશે

વિધાનસભાના માત્ર ત્રણ દિવસનું ટુંકુ સત્ર બોલાવવાનું હોય કે પછી સંસદમાં વિપક્ષને બિનલોકતાંત્રિક રીતે સસ્પેન્ડ કરવાની ઘટના હોય, તેવા અનેક મુદ્દાઓ સાથે આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રદેશ પદાધિકારીઓની મળેલી બેઠકમાં માર્ગદર્શન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે ભાજપ સરકાર અનેક મોરચે નિષ્ફળ ગઈ છે. રાજ્યમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. ગુન્હાખોરીના આંકમાં ગતિશીલ ગુજરાત છે. ખેડૂતો, નાના વેપારીઓ, યુવાનો, કર્મચારીઓ સહિતના સામાન્ય અને મધ્યમવર્ગ ભાજપ સરકારમાં હેરાન-પરેશાન છે. ત્યારે સરકારની નિષ્ફળતાને ઉજાગર કરવા કોંગ્રેસ

● અનુસંધાન પાન-૭ પર